જાહેરાત શ્રી વિસર્જનની અને સ્થળ પર વસૂલાત!

# કૃત્રિમ તળાવો પર શ્રીજી વિસર્જનના નામે પૈસા લેવાતા હોવાનો વિવાદ

**તરવૈયાઓની** પસંદગી અને નિયમો અંગે સ્પષ્ટતાની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગણેશોત્સવ દરમિયાન કૃત્રિમ તળાવોમાં શ્રીજીની પ્રતિમાઓનું વિનામૂલ્યે વિસર્જન કરવાની જાહેરાત કરવામાં આવે છે. આ વર્ષે પણ કૃત્રિમ તળાવો ખાતે વિનામૂલ્યે શ્રીજી વિસર્જનના બેનરો લગાવવામાં આવ્યા છે. જોકે, સ્થળ પર પ્રતિમા વિસર્જન માટે રૂ. ૧૦૦થી ૨૦૦ સુધીની રકમ માંગવામાં આવતી હોવાનો સામાજિક કાર્યકરે આક્ષેપ કરતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે.




સામાજિક કાર્યકરના જણાવ્યા મુજબ, મોંઘવારીના સમયમાં અનેક ભક્તોની આર્થિક સ્થિતિ કપરી છે. આવા સંજોગોમાં કોર્પોરેશન દ્વારા વિનામૂલ્યે વિસર્જનની જાહેરાત કરવામાં આવ્યા બાદ સ્થળ પર પૈસાની માંગણી કરવામાં આવે તે યોગ્ય નથી. જો વિસર્જન માટે નાણાં લેવામાં આવતા હોય તો કોર્પોરેશને જાહેરમાં વિનામૂલ્યે વિસર્જનની જાહેરાત ન કરવી જોઈએ તેવી માગ કરવામાં આવી છે.

આક્ષેપ મુજબ દર વર્ષે કૃત્રિમ તળાવ ખાતે શ્રીજીની પ્રતિમા વિસર્જન દરમિયાન તરવૈયાઓ દ્વારા ભક્તો પાસેથી નાણાં માંગવામાં આવે છે. તંત્રની નજર સમક્ષ આવી ઉઘરાણી થતી હોવા છતાં તેને નજરઅંદાજ કરવામાં આવતી હોવાની ચર્ચા છે.

બીજી તરફ, કોર્પોરેશન તરફથી ભક્તો પોતાની ખુશીથી નાણાં આપતા હોવાનો બચાવ કરવામાં આવે છે. જોકે, સામાજિક કાર્યકરે આ દાવા સામે સવાલ ઉઠાવી વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરવાની માગ કરી છે. સામાજિક કાર્યકરે કૃત્રિમ તળાવ ખાતે કેટલા તરવૈયાઓને ફરજ સોંપવામાં આવી છે, તેમની પસંદગી કયા માપદંડ અને શરતોના આધારે કરવામાં આવી છે તથા વિસર્જન કામગીરી અંગે તેમને શું સૂચનાઓ આપવામાં આવી છે તેનો પણ ખુલાસો કરવાની માગ કરી છે.

## એમએસયુ મ્યુઝિક કોલેજમાં ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ મ્યુઝિક કોલેજમાં ગણેશ મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ગાયન, વાદન, તબલા, નૃત્ય અને નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓએ ગણેશ વંદના સહિત વિવિધ કલાત્મક પ્રસ્તુતિઓ કરી હતી. સિતાર-વાયોલિનની જુગલબંધી તથા નૃત્ય-નાટ્યથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ડીન પ્રો. અજય અષ્ટપુત્રેએ ગણેશ મહોત્સવને કલા-સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનો સંગમ ગણાવ્યો હતો. કાર્યક્રમ બાદ આરતી કરી પર્યાવરણને અનુકૂળ રીતે શ્રીજીનું વિસર્જન કરાયું હતું.



## મેલબોર્નમાં અમીન પરિવાર દ્વારા ગણેશ ચતુર્થીની ઉજવણી

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં શ્રી હિમાંશુભાઈ કિરીટભાઈ અમીનના નિવાસસ્થાને ગણેશ ચતુર્થીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી. હિમાંશુભાઈ અમીન તથા પાયલબેન અમીને વૈદિક વિધિથી ગણેશજીની સ્થાપના કરી પૂજા-અર્ચના કરી હતી. પરિવારજનો, મિત્રો અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. દોઢ દિવસ બાદ શ્રીજીનું વિસર્જન કરી 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષ સાથે ભાવભીની વિદાય આપવામાં આવી હતી.



## ટીમ સ્પિરીટ મજબૂત કરવા સાથે થઈ ગણેશ ચતુર્થીની ઉજવણી

અમદાવાદ સ્થિત વૈશ્વિક એકાઉન્ટિંગ અને પ્રોફેશનલ સર્વિસિસ પ્લેટફોર્મ MYCPE ONEની વડોદરા ઓફિસમાં ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. આશરે 60 કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગણપતિ બાપ્પાનું સ્વાગત કર્યું હતું. વિવિધ વિભાગોના કર્મચારીઓએ પરંપરાગત રીતે ગણેશજીની પધરામણી કરી તહેવાર ઉજવ્યો હતો. કંપનીના સીઈઓ અને સહ-સ્થાપક શાલિન પરીખે જણાવ્યું હતું કે, આવા તહેવારો કર્મચારીઓને સાથે મળીને સૌહાર્દ અને ટીમ સ્પિરિટ મજબૂત કરવાની તક આપે છે. કંપની પાંચ દેશોમાં 40થી વધુ ઓફિસો અને 3,000થી વધુ પ્રોફેશનલ્સ સાથે સેવાઓ આપે છે.



## શહેરના ગણેશ પંડાલોમાં સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ



એ.સી.પી. 'બી' ડિવિઝનની આગેવાનીમાં ગોરવા પોલીસ મથક વિસ્તારમાં વિવિધ મોટા ગણેશ પંડાલોની મુલાકાત લેવાઈ હતી. એમજીવીસીએલ, વીએમસી અને ફાયર વિભાગના અધિકારીઓ સાથે વીજળી-ફાયર સાધનો, પાર્કિંગ, એન્ટ્રી-એક્ઝિટ, સીસીટીવી તથા રાત્રિના સ્વયંસેવકોની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ અપાઈ.

## ગણેશ વિસર્જનને પગલે વડોદરામાં નો-પાર્કિંગ જાહેરનામું

**૧૮,૨૦, ૨૩ અને ૨૫ સપ્ટેમ્બરે વિવિધ માર્ગો પર પાર્કિંગ પ્રતિબંધ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ગણેશ વિસર્જનના દિવસો નજીક આવતા વડોદરા ટ્રાફિક પોલીસે વાહન વ્યવસ્થા માટે તૈયારીઓ શરૂ કરી છે. 18, 20, 23 અને 25 સપ્ટેમ્બરે તબક્કાવાર વિસર્જન દરમિયાન વિવિધ કૃત્રિમ તળાવો તરફના મુખ્ય માર્ગો પર બંને તરફ નો-પાર્કિંગ જાહેર કરાયું છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે બહાર પાડેલા જાહેરનામા મુજબ ગોરવા દશામા મંદિર, નવલખી ગ્રાઉન્ડ, બીલ ગામ, SSV-2, માંજલપુર, તરસાલી, મકરપુરા, કિશનવાડી, લેપ્રેસી ગ્રાઉન્ડ, હરણી સ્કલ્પચર પાર્ક અને હરણી-સમા કૃત્રિમ તળાવ તરફના નિર્ધારિત માર્ગો પર પાર્કિંગ પ્રતિબંધ રહેશે. માંડવી સર્કલ વિસ્તારમાં પાણીગેટ, ચોખંડી, ગેંડીગેટ, લહેરીપુરા, ફતેપુરા અને ચાંપાનેર દરવાજાથી માંડવી સુધીના માર્ગો પણ નો-પાર્કિંગ રહેશે. આ પ્રતિબંધ સંબંધિત વિસર્જનના દિવસે નિર્ધારિત સમયથી વિસર્જન પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. તરસાલી અને મકરપુરા ખાતે પાંચ ફૂટથી મોટી તથા હરણી સ્કલ્પચર પાર્કમાં ત્રણ ફૂટથી મોટી મૂર્તિઓના વિસર્જન માટે વ્યવસ્થા કરાઈ છે.

## અમેયાય ચ હેરંબ પરશુધારકાય તે । મૂષક વાહનાયૈવ વિશ્વેશાય નમો નમઃ ॥

**અર્થ-** હે હેરંબ! આપ અમેય છો, એટલે કે આપને કોઈપણ પ્રમાણ કે માપદંડથી માપી શકાતા નથી. આપ પરશુ (ફરસી) ધારણ કરનારા છો અને આપનું વાહન મૂષક છે. હે વિશ્વેશ્વર! આપને વારંવાર નમસ્કાર.


પ્રશાંત સોની, વાઘોડિયા રોડ



માંજલપુર ગામ સાર્વજનિક મંડળ...


શિવ-પુત્ર ગણેશ, નારાયણ વિલાસ સોસાયટી, અટલાદરા


એડવોકેટ ભાવિન વ્યાસ નિઝામપુરા


શ્રી બાલ યુવક મંડળ, ફતેપુરા


ગિરીશ શિંદે પરિવાર, નવાબજાર


ARCH ચા રાજા (ABS ટાવર) - OP રોડ


ટેમકર પરિવાર, વૈભવ લક્ષ્મી સોસાયટી, હરણી-વારસિયા રિંગ રોડ


મહેતા પોળ યુવક મંડળ, બેંક રોડ, માંડવી...


ધર્મેશભાઈ સોલંકી, સૂર્ય દર્શન ટાઉનશીપ માંજલપુર

રૂ.૧૮.૮૦ લાખનું વળતર ચૂકવાયા બાદ જ કૌભાંડ ભાંડો ફૂટ્યો

# ૧૧ વર્ષ જૂના અકસ્માતમાં વળતર માટે ખોટી FIRનો પર્દાફાશ, વીમા કંપનીની 5 સામે ફરિયાદ

**અકસ્માતમાં** મોત થયાનું દર્શાવી બાઇક ચાલક તરીકે અન્ય વ્યક્તિને ઉભો કર્યાનો SIT તપાસમાં ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા તા.16

જરોદ ઓવરબ્રિજ પર વર્ષ 2014માં થયેલા અકસ્માતમાં યુવકનું મોત થયું હોવાનું દર્શાવી બાઇક ચાલક વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદમાં ગંભીર ગેરરીતિ કરાઈ હતી. મોટર એક્સિડન્ટ ક્લેઈમમાં વળતર મેળવવા માટે મૃતકના પરિવારને ખોટી માહિતી આપી સાક્ષી અને વાહનચાલક ઉભા કરાયા હોવાનો સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમની તપાસમાં ખુલાસો થયો છે. આ કેસમાં ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ કંપનીના અધિકારીએ જરોદ પોલીસ સ્ટેશનમાં ગેરરીતી કરનાર પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી છે.

એમા એવી વિગત છે કે 8 એપ્રિલ 2014ના રોજ વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં મોટરસાઈકલના ચાલકે ભુપતભાઈ છગનભાઈ પટેલીયાને અડફેટે લીધા બાદ તેઓ જરોદ ઓવરબ્રિજ પરથી નીચે પટકાતા ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન મોત થયું હતુ. ત્યારબાદ મૃતકના પરિવારજનોએ પંચમહાલ-ગોધરા મોટર એક્સિડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલમાં વળતરનો દાવો કર્યો હતો.

દાવા દરમિયાન વીમા કંપનીને અકસ્માતની હકીકત અંગે શંકા જતા CID ક્રાઈમને તપાસ માટે રજૂઆત કરવામાં આવી હતી. તપાસમાં અકસ્માત સ્થળેથી કારના બોડી પાર્ટ્સ જેવા ટુકડા અને લોહીના ડાઘ મળ્યા હતા. જ્યારે મૃતકના પિતા છગનભાઈએ જણાવ્યું કે અકસ્માતના આશરે એક મહિના બાદ હસમુખભાઈ અને પીએલ બારિયાએ તેમને ક્લેઈમ કરાવવાની વાત કરી હતી.

હસમુખભાઈ તથા પીએલ બારિયાના કહેવાથી અકસ્માત સમયે સ્થળ પર હાજર ન હોવા છતાં એક વ્યક્તિને ખોટા સાક્ષી તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. તેમજ લાઈસન્સ અને વીમા પોલીસી ધરાવતા મુકેશભાઈ પટેલે પણ ભુપતભાઈને પોતાની બાઈકથી અકસ્માત કર્યો ન હોવા છતાં પરિવારને આર્થિક મદદ મળે તેના હેતુથી અકસ્માત પોતાના શિરે લીધો હોવાની કબૂલાત કરી હતી.

આ કેસમાં વીમા કંપની દ્વારા રૂ.18.80 લાખનું વળતર ચૂકવાયું હતું. ત્યારબાદ SITના તપાસમા ખોટી રીતે વળતર મેળવવી હોવાનો ભાંડો ફૂટ્યો હતો. અહેવાલના આધારે ખોટી માહિતી આપી વીમા વળતર મેળવવાના સમગ્ર મામલે કંપનીના કર્મચારીએ જરૂર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પાંચ લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

૨૦ ટકા વ્યાજે લીધેલા નાણાંની રકમ કરતાં બમણીથી વધુ ચુકવી છતાં ચેક બાઉન્સનો કેસ કર્યો

# રૂ.૨.૧૨ લાખ સામે રૂ.૫.૧૩ લાખ વસૂલ્યા છતાં વ્યાજખોર દ્વારા રૂ.૩.૧૬ લાખની પઠાણી ઉઘરાણી

**વેપારીએ** વધુ નાણાં ચૂકવવાનો ઇનકાર કરતા વ્યાજખોરે મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

અટલાદરાના વેપારીએ 20 ટકાના વ્યાજે રૂ.2.12 લાખ લીધા બાદ મુદ્દલ અને વ્યાજ પેટે રૂ.5.13 લાખ ચૂકવી દીધા હતા તેમ છતા વ્યાજખોર વધુ રૂ.3.16 લાખની પઠાણી ઉઘરાણી કરી હતી. સિક્યુરિટી ચેક પરત ન આપી તેનો ઉપયોગ કરી ચેક બાઉન્સનો કેસ કર્યો હતો. ઉપરાંત વધુ નાણાં આપવાનો ઈનકાર કરતાં વ્યાજખોરે ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી વેપારીએ વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

અટલાદરા વિસ્તારમાં રહેતા 26 વર્ષીય વેપારી મનોજ નરોત્તમભાઈ જોષીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ વિશ્વમોહિની કોમ્પ્લેક્સમાં પાનની દુકાન ચલાવતા હતા. આ દરમિયાન તેમના સંપર્કમાં સર્વેશ પેટોલ આવ્યો હતો. ધંધામાં નાણાંની જરૂરિયાત હોવાથી સપ્ટેમ્બર 2024થી ઓક્ટોબર 2025 દરમિયાન મનોજે સર્વેશ પાસેથી ઓનલાઈન તથા રોકડ મળી રૂ.2.12 લાખ લીધા હતા. વ્યાજખોરે તેમની પાસેથી નાણાં 20 ટકાના વ્યાજે લેશે તેવું જણાવ્યું હતું

નાણાંની લેવડદેવડ સમયે મનોજે રૂ.3.16 લાખ અને રૂ.33 હજારના બે સિક્યુરિટી ચેક આપ્યા હતા. ત્યારબાદ તેમણે મુદ્દલ તથા વ્યાજ પેટે સર્વેશને રૂ.5.13 લાખ ચૂકવી દીધા હતા અને સિક્યુરિટી ચેક પરત માંગતાં સર્વેશે વધુ રૂ.3.16 લાખ ચૂકવવાની માંગણી કરી હતી.

મનોજે વધુ નાણાં આપવાનો ઈનકાર કરતાં સર્વેશે ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત સિક્યુરિટી ચેક પરત ન આપી તેનો ઉપયોગ કરી ચેક બાઉન્સનો કોર્ટમાં કેસ કર્યો હતો. વેપારીની ફરિયાદના આધારે ગોરવા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

૨૫.૭૯ લાખની લોનના હપ્તા ભરવાનું બંધ કરતાં મિલકત સીલ કરાઈ હતી

# કોર્ટના આદેશથી સીલ કરેલા મકાનનું પતરું હટાવી પરિવારે ગેરકાયદે પ્રવેશ કર્યો

**આરોપીઓએ** હાલ પૈસાની સગવડ ન હોય મકાન ખાલી નહીં કરે તેમ કહી દાદાગીરી કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરાના યાકુતપુરા વિસ્તારમાં હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ દ્વારા કોર્ટના હુકમથી કબજો મેળવી સીલ કરાયેલા મકાનમાં પતરું હટાવી ગેરકાયદે પ્રવેશ કરી રહેણાંક તરીકે ઉપયોગ કરાતો હોવાની ફરિયાદ નોંધાઈ છે. મકાન ખાલી કરવા કહેતા પરિવારે હાલમાં રૂપિયા નથી, મકાન ખાલી નહીં કરે તેવી દાદાગીરી પણ કરી હોવાનો આક્ષેપ કરાયો છે. ફાઈનાન્સ કંપનીના ઓથોરાઈઝ્ડ ઓફિસરે જુનેદશા કાદરશા દિવાન અને ફાતમાબીબી કાદરશા દિવાન સામે ફરિયાદ નોંધાવી છે.

યાકુતપુરાના મદાર મહોલ્લામાં આવેલી મિલકત ફાતમાબીબી કાદરશા દિવાનના નામે હોવાનું હતી. વર્ષ 2022માં તેમણે આ મિલકત સામે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ પાસેથી રૂ.25.79 લાખની લોન લીધી હતી. લોનનો માસિક હપ્તો રૂ.35,934 હતો અને 28 માર્ચ 2024 સુધીમાં 15 હપ્તા ભર્યા બાદ હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું.

કંપનીએ નોટિસ આપી 60 દિવસનો સમય આપ્યો હોવા છતાં હપ્તા ભરાયા ન હતા. ત્યારબાદ કોર્ટમાં પઝેશન મેળવવા અરજી કરવામાં આવી હતી. 21મા એડિશનલ સિનિયર સિવિલ જજની કોર્ટના આદેશથી કોર્ટ કમિશનરની નિમણૂક કરવામાં આવી હતી. પોલીસ પ્રોટેક્શન મેળવ્યા બાદ 27 ડિસેમ્બર 2025ના રોજ કંપનીએ મકાનનો કબજો મેળવી મુખ્ય દરવાજાને તાળું મારી સીલ કર્યું હતું તથા અન્ય બે દરવાજા પતરાં લગાવી બંધ કર્યા હતા.

ફાઈનાન્સ ના કર્મચારીઓ 14 જુલાઈ 2026ના રોજ સ્થળ તપાસ માટે પહોંચ્યા ત્યારે એક દરવાજાનું પતરું હટાવેલું અને આરોપીઓ મિલકતમાં ગેરકાયદે પ્રવેશ કરી રહેતા હોવાનું જણાયું હતું. મુખ્ય દરવાજાનું સીલ યથાવત હતુ. ફોન પર વાત કરતાં આરોપીઓએ હાલ પૈસાની સગવડ ન હોવાનું જણાવી મકાન ખાલી નહીં કરે તેમ કહ્યું હતુ. હિતેશકુમાર પટેલે સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દીવાન અને ફાતમાબીબી દીવાન વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

તંત્ર કે કોર્પોરેટર ફરકતા પણ ન હોવાનો સ્થાનિકોનો ગંભીર આક્ષેપ

# ફતેપુરામાં બેસી ગયેલા પેવર બ્લોક્સ બન્યા અકસ્માતનું જોખમ

**ગણેશોત્સવ** વચ્ચે રસ્તા પર બાળકો અને રાહદારીઓની ભારે અવરજવર



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના વોર્ડ નંબર ૯ માં આવેલા ફતેપુરા પોસ્ટ ઓફિસ પાછળના રહેણાંક વિસ્તારમાં રસ્તા પર લગાવવામાં આવેલા પથ્થરો નીચે બેસી જતાં અકસ્માતનો ગંભીર ભય ઊભો થયો છે. ચોમાસાની સીઝનમાં સતત પડી રહેલા વરસાદના કારણે રસ્તા પર ઓછામાં ઓછા ચાર પથ્થરો ઊંડા બેસી ગયા છે અને અન્ય પથ્થરો પણ નીચે ધસી જવાની ભીતિ સેવાઈ રહી છે.

હાલ ગણેશોત્સવનો તહેવાર ચાલી રહ્યો હોવાથી આ વિસ્તારમાં શ્રદ્ધાળુઓ અને રાહદારીઓની ભારે અવરજવર રહે છે. ઉપરાંત, આ જ રસ્તા પરથી નાના બાળકો સતત રમી રહ્યા છે અને પસાર થઈ રહ્યા છે, જેથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવો ભય સ્થાનિક રહીશો વ્યક્ત કરી રહ્યા છે. સ્થાનિકોએ તંત્ર સમક્ષ તીખો સવાલ ઉઠાવ્યો છે કે જો આ બેસી ગયેલા પથ્થરો કે ખાડાના કારણે કોઈ બાળક કે રાહદારીને ગંભીર ઈજા પહોંચશે તો તેની સીધી જવાબદારી કોની રહેશે?

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે મહિના કરતાં પણ વધુ સમયથી રસ્તાની આ બિસ્માર હાલત છે અને પથ્થરો ઉખડી ગયા છે. આ અંગે અગાઉ તંત્ર અને જવાબદારોને ચાર-પાંચ વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા માત્ર આશ્વાસન આપી કોઈ કાયમી નિકાલ કરવામાં આવ્યો નથી. સ્થાનિકોમાં પોતાના વિસ્તારના સ્થાનિક કોર્પોરેટરની કામગીરી સામે પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે માત્ર ચૂંટણી સમયે જ મુલાકાત લેનારા નેતાઓ અને કોર્પોરેટરો બાદમાં વિસ્તારની સમસ્યાઓ તરફ જોવાની પણ તસ્દી લેતા નથી.

એક તરફ વડોદરા શહેરને સ્માર્ટ સિટી બનાવવાના મોટા-મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ સામાન્ય રહેણાંક વિસ્તારમાં રસ્તાની પ્રાથમિક સમસ્યા પણ ઉકેલાતી ન હોવાથી પાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોવાને બદલે, પાલિકા કોર્પોરેશન તાત્કાલિક સ્થળ તપાસ કરી બેસી ગયેલા પથ્થરોનું સમારકામ કરી રસ્તો સલામત બનાવે તેવી સમગ્ર વિસ્તારના લોકો આક્રમક માંગણી કરી રહ્યા છે.